ફરજની રેખા સીધી છે ને સુંદરતાની રેખા વાંકી છે, તમે સીધી રેખાનો અમલ કરો... વાંકી પોતાની મેળે તમારી પાછળ આવશે
- સંત ઓગસ્ટીન

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૫ | ૮ ડિસેમ્બર, ૨૦૧૪, સોમવાર ; માગશર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લાની બેંકોમાં ડિપોઝીટોમાં ભારે ઘટાડો

હોમલોન, એજ્યુકેશન લોન અને અન્ય ક્ષેત્રોમાં ધિરાણમાં ઘટાડો પણ અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ધિરાણનો ઉછાળો નોંધાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના અર્થકારણમાં પ્રાણ ફુંકવાના બેંકોના પ્રયાસો ભરપૂર રહેવા છતાં બેકોની ડિપોઝીટમાં રૂ. ૩૬૬ કરોડનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત જિલ્લામાં શૈક્ષણિક લોન, હાઉસીંગ લોન, ગરીબ ઉત્કર્ષની લોનમાં ઘટાડો નોંધાયો છે જો કે અગ્રતા ધરાવતા ઔદ્યોગિક ક્ષેત્રમાં ૪૯૨ કરોડનો જંગી વધારો નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં ક્રેડિટ ડિપોઝીટ રેસિયામાં સુધારો ૨.૯૩ ટકા જેટલો નોંધાયો હોવાનો દાવો બેંકો દ્વારા કરવામાં આવ્યો છે આમ છતાં તંદુરસ્ત આર્થિક વ્યવસ્થા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નક્કી કરેલા દર કરતાં ઓછો નોંધાયો છે. જિલ્લામાં સપ્ટેમ્બર અંતિમ નાણાંકીય વર્ષના છ માસના અંતે ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૪૪.૧૪ ટકા નોંધાયો છે. જે જુન અંતિત પ્રથમ ત્રિમાસિક ગાળા કરતાં ૨.૯૩ ટકા વધુ છે.

જિલ્લામાં બેંકિંગ ક્ષેત્રમાં ડિપોઝીટ ઘટવા માંડી છે અને તે ઘટાડો રૂ. ૩૬૬ કરોડનો નોંધાયો છે. જો કે બેંકો ગત વર્ષની તુલનામાં ડિપોઝીટમાં સારો એવો વધારો નોંધાયો હોવાનો દાવો કરતાં એવુ કહી રહી છે કે સપ્ટેમ્બર ૨૦૧૩ના અંતે ૧૯૧૦૪ કરોડની ડિપોઝીટ હતી તે સપ્ટેમ્બર-૨૦૧૪ ને અંતે ૨૧૯૭૩ કરોડ છે. જે ઘટાડો નોંધાયો છે તે જુન-૨૦૧૪ થી સપ્ટેમ્બર-૨૦૧૪ દરમ્યાન જોવા મળ્યું છે.

મળતી વિગતો પ્રમાણે બેંકો દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે અપાતી એજ્યુકેશન લોનમાં રૂ. ૧૮ કરોડનો ઘટાડો, હાઉસીંગ ક્ષેત્રમાં અપાતી હોમલોનમાં પણ ઘટાડો ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં અપાતી લોનમાં રૂ. ૧૦૦ કરોડનો ઘટાડો નોંધાયો છે. જે જિલ્લામાં પ્રવર્તતી મંદીની સ્થિતિ દર્શાવે છે.

જિલ્લામાં ધિરાણ માટે બનાવેલા પ્લાનના ૪૦ ટકા જેટલા લક્ષ્યાંકો છ માસના અંતે મેળવવામાં આવ્યા હોવાનું બેંકોના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

જિલ્લામાં સ્વરોજગારની યોજનાઓના ધિરાણમાં બેંકોની માનસિકતામાં બદલાવની તાતી જરૂરિયાત હોવાની ટકોર તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાને કરી હતી જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં સ્વરોજગારની યોજનાઓની અરજીઓના વિકાસ માટે બેંકોના નકારાત્મકતાભર્યા અભિગમની વાતો હવે ખુબ જ ચર્ચાસ્પદ બની છે.

જિલ્લાના અર્થકારણને ટકાવવા માટે બેંકો આ ક્ષેત્ર પર વધુ ધ્યાન આપે તેવી માંગણી પ્રબળ રહી છે. અહિ જિલ્લામાં કૃષિક્ષેત્રે પણ ધિરાણમાં ઉદાસીન વલણ છે તો મોટા ઉદ્યોગો ઓછા છે એટલુ જ નહિ જિલ્લામાં સ્વરોજગારી એ જ વિકાસનો મુખ્ય આધાર હોઈ બેંકોની માનસિકતામાં બદલાવ જરૂરી હોવાની લાગણી અર્થકારણના નિણાતો વ્યક્ત કરી રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સોલ્ટ માઉન્ટનું લોકાર્પણ રાષ્ટ્રપતિ કરશે

છઠ્ઠી જાન્યુઆરી સુધી સોલ્ટ માઉન્ટ મ્યુઝીયમ તૈયાર રાખવા આરએન્ડબીને સુચના : ૯મીએ રાષ્ટ્રપતિ મ્યુઝીયમ ખુલ્લુ મુકે તેવી શકયતા

ગાંધીનગર, તા. ૭

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના કાર્યક્રમ પ્રસંગે દેશના વડાપ્રધાન તથા રાષ્ટ્રપતિ સહિત વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ તથા મહાનુભાવો ગાંધીનગર આવનાર છે. પ્રવાસી ભારતીય દિવસની ક્લોન્ડીંગ સેરેમની ૯મી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિના હસ્તે થશે. તે જ દિવસે ગાંધીજીના જીવન-કવન તથા આઝાદીની ચળવળ આધારીત મહાત્મા મંદિર ખાતે તૈયાર કરવામાં આવેલા સોલ્ટ માઉન્ટ-મ્યુઝીયમનું લોકાર્પણ પણ રાષ્ટ્રપતિના હસ્તે કરવામાં આવશે.

ગાંધીનગરનું મહાત્મા મંદિર વિશ્વ સ્તરે સુપ્રસિદ્ધ થઈ રહ્યું છે. મહાત્મા ગાંધીજીના જીવનકવન તથા આઝાદીની ચળવળને ઉજાગર કરતુ મ્યુઝીયમ મહાત્મા મંદિરમાં સોલ્ટ માઉન્ટમાં કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવી રહ્યું છે. સોલ્ટ માઉન્ટ-મ્યુઝીયમને આખરી ઓપ અપાઈ રહ્યો છે ત્યારે તંત્રને ૬ઠ્ઠી જાન્યુઆરી સુધીમાં સોલ્ટ માઉન્ટ મ્યુઝીયમ તૈયાર કરીને સોંપી દેવા ઉપરથી સુચનાઓ આપી દેવામાં આવી છે. પ્રવાસી ભારતીય દિવસનું ઓપનીંગ ૮મી જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે જ્યારે ક્લોઝીંગ સેરેમની ૯મી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી કરશે. ૯મી તારીખે રાષ્ટ્રપતિના હસ્તે સોલ્ટ માઉન્ટ મ્યુઝીયમનું લોકાર્પણ કરવામાં આવશે તેમ સુત્રો પાસેથી જાણવા મળ્યુ છે. મહાત્મા મંદિર અને સોલ્ટ માઉન્ટ મ્યુઝિયમને જોડવા માટે કેબલ સ્ટેડ બ્રીજ બનાવવાનું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. જે છઠ્ઠી જાન્યુઆરી સુધીમાં પુર્ણ થઈ જશે.

શાળા આરોગ્ય ચકાસણીમાં એક લાખ બાળકોની તપાસ પૂર્ણ

જિલ્લામાં કુમારો પણ એનીમીયાથી પિડાય છે : ૯૨૯ બાળકોને સંદર્ભ સેવાની જરુરિયાત જણાઈ : સાત હજાર બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લામાં એનીમીયાથી પિડાતા બાળકોની સંખ્યા મોટી હોવાની શાળા આરોગ્ય ચકાસણીના કાર્યક્રમમાં ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. શાળા આરોગ્ય ચકાસણીના ત્રણ સપ્તાહ દરમિયાન એક લાખ જેટલા બાળકોના આરોગ્યની ચકાસણી કરાઈ છે.

આ ચકાસણી દરમિયાન ૭૬૫૬ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે. જ્યારે ૯૨૯ બાળકોને સંદર્ભ સેવા માટે અલગ તારવી અને તેમને તજજ્ઞો દ્વારા તપાસવા જિલ્લામાં મોકલવામાં આવશે. સંદર્ભ સેવા માટે અલગ તારવવામાં આવેલ બાળકો પૈકી ૬૩ બાળકોની તપાસ પૂર્ણ થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે જિલ્લામાં ૯૯.૦૬૨ બાળકોની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. જે પૈકી ૮૦૭૫ બાળકોની તપાસ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જે બાળકો તપાસવામાં આવ્યા છે તેમાં ૨૭૯૪ પ્રાથમિક શાળાના ૪૮૫ માધ્યમિક શાળાના ૫૭૯ બાળકો આંગણવાડીના એવા મળ્યા હતા કે જેમને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

જિલ્લામાં કુમારોમાં પણ એનીમીયાથી પિડાતા હોવાનું બહાર આવવા પામ્યું છે. જીવનશૈલીમાં થઈ રહેલા પરિવર્તનને પગલે કુમારોમાં આયર્નની ઉણપ જે જોવા મળી છે તે તંત્રની ચિંતાનો વિષય છે.

શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન હવે કુમાર અને કન્યાઓમાં પણ આયર્નની ટેબલ્ટેસનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ગત વર્ષે જિલ્લામાં હૃદય, કિડની અને કેન્સરની બિમારીથી પિડાતા મળી આવેલા ૧૨૫ જેટલા બાળકોની સારવારનો ખર્ચ રાજય સરકાર ઉઠાવી રહી છે જે નોંધનીય છે.

જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ ૧૩મી નવેમ્બરથી શરૂ થયો છે અને તે ૧૧મી જાન્યુઆરી સુધી ચાલવાનો છે. શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન બાળ રોગ, દાંત રોગ, આંખ રોગ, ચામડી તથા કાન-નાક-ગળાના દર્દીઓ મળી આવ્યા છે.

આઈસીસી વર્લ્ડકપ ક્રિકેટ ટ્રોફી અમદાવાદ પહોંચતા ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સુકતા રહી હતી. અમદાવાદના એક મોલમાં પ્રદર્શન માટે ટ્રોફી મુકાઈ હતી ત્યારે ચાહકો ટ્રોફી જોવા માટે ઉમટી પડ્યા હતા.

પુનઃ આવવાનું વચન પાળવા પાંડિયન રવિવારે વાસણા-રાઠોડ ગામે પહોંચ્યા

ગાંધીનગર, તા.૭

ગુજરાતના મુખ્ય સચિવ શ્રી ડી.જે. પાંડિયને આજે તેમનો રવિવાર દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામે વિતાવ્યો હતો.

ગુણોત્સવ દમિયાન આ ગામની મુલાકાતે અચાનક પહોંચેલા મુખ્ય સચિવશ્રીએ ગામની સ્વચ્છતા મુદ્દે તે વખતે કરેલી ટકોર બાદ ગામની પુનઃ મુલાકાત લેવાની આપેલી ખાત્રી ને પગલે તેઓ આજે ત્રણેક વાગ્યાના સુમારે ગામે પહોંચી ગયા હતા.

આજે પાંચ વાગ્યા સુધી ગામની ગલીએ ગલી ખુંદી વળેલા મુખ્ય સચિવશ્રીએ ગ્રામજનો સાથે ચાની મીઠી ચુસકી માણી હતી તેમજ સ્વચ્છતા માટે હાથ ધરાયેલી કામગીરીને લઈ સંતોષ વ્યકત કર્યો હતો.

મુખ્ય સચિવશ્રીએ દેવીપૂજક સમાજના એક ઘરમાં જઈ અને માજી જે તાવથી કણસતા હતા તેમની સાથે બેસી અને તબિયતના ખબર અંતર પુછી સારવારના પ્રબંધની જાણકારી મેળવી હતી. મુખ્ય સચિવશ્રી પાંડિયને તાત્કાલિક આ વૃધ્ધાને 'મા અમૃતમ્' યોજના અંતર્ગત કાર્ડ આપી સારવારની જરુરી વ્યવસ્થા કરવા તંત્રના અધિકારીઓને જણાવ્યું હતું.

મુખ્ય સચિવશ્રી પાંડિયને ગામના ભૂલકાંઓને શાળા શિક્ષણ સહિત શું બનવા માંગો છો તેવા પ્રશ્નો પુછી અને ગોષ્ઠી પણ કરી હતી તો વડીલો અને આગેવાનોને સ્વચ્છતા જાળવવા, જનધન યોજનામાં ખાતા ખોલવાના બાકી છે કે કેમ? બસ કયા સમયે આવે છે સહિતના પ્રશ્નો પુછયા હતા.

રાજયના મુખ્ય સચિવશ્રીને પત્રકારોએ પુછયું કે તમે આ ગામ દત્તક લઈ રહ્યા છો? ત્યારે તેમણે જણાવ્યું હતું કે આ બાબતે તેઓ વિચારશે. તેમણે સ્વચ્છતા અભિયાનને લઈ થયેલી કામગીરીનો સંતોષ વ્યકત કરી આવી સ્વચ્છતા કાયમ બનાવવાનો આગ્રહ કર્યો હતો.